૨/૯

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

## પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ


પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


150 YEARS OF CELEBRATING THE MAHATMA

નં:કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૨૨/ № = 43 તા. 20 MAY 2022

રજી. એ.ડી. દ્વારા

પ્રતિશ્રી,
હિરાભાઈ નારણભાઈ છાંગા,
મુ.કોટડા, તા- અંજાર-કચ્છ
પીન ૩૭૦૦૨૦
મોબાઇલ નંબર:-

વિષય:- કેસ નંબર પીજી૦૪/૦૦૧/૨૦૨૧-૨૨

સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૪/૦૦૧/૨૦૨૧-૨૨

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(એમ. જે. ભાભોર)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર

(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, અંજાર

(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, અંજાર રૂરલ -૨

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

ફરીયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ–કચ્છ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ,જી.કે.જનરલ હોસ્પીટલ સામે, ભુજ – કચ્છ.

ફોન નં.(૦૨૮૩૨) ૨૫૩૫૫૦ ફેકસ નં.(૦૨૮૩૨) ૨૫૦૦૪૮

ઈમેલ : forumbhuj.pgvcl@gebmail.com


---

નં.કેસી/સીજીઆરએફ/૨૦૨૨ તા. / /૨૦૨

૨૦૦૩ ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિમયો ૨૦૧૧ જાહેરનામાં નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-04-001-2021-22

**હીરાભાઈ નારણભાઈ છાંગા**
ગામ: કોટડા,
તા.અંજાર – કચ્છ. ............અરજદાર.

**વિરૂધ્ધ.**

**કાર્યપાલક ઈજનેરશ્રી**
પીજીવીસીએલ વિભાગીય કચેરી,
અંજાર – કચ્છ. ..........સામાવાળા.

**બાબતઃ–** સેવામાં ખામી અંગે....

**અરજદાર તરફે** :– શ્રી કાનાભાઈ હીરાભાઈ છાંગા
**સામાવાળાના તરફે** :– શ્રી એ.બી.ગામેતી
નાયબ ઈજનેરશ્રી,પીજીવીસીએલ વિભાગીય કચેરી,અંજાર

કોરમ : (૧) શ્રી એન.સી.મકવાણા – ચેરપર્સન
(૨) શ્રી આર.જી.કુંપાવત – સ્વતંત્ર મેમ્બર

**સુનાવણી સ્થળઃ** કોન્ફરન્સ હોલ,પીવીસીએલ, વતૃળ કચેરી,ભુજ
તાઃ૧૩/૦૪/૨૦૨૨

## ઠરાવ

૧. આ કામના અરજદારની અરજીની હકીકત એવી છે કે, અરજદાર અંજાર તાલુકાના કોટડા ગામે ખેતીની જમીન ધરાવે છે અને સદર જમીનમાં સામાવાળા વિજ કંપનીનું ખેતીવાડી કનેકશન ગ્રાહક નં. ૮૮૮૧૨/૦૧૦૫૮/૦ વાળું તા.૨૬–૮–૨૦૦૪ થી ધરાવે છે અને દર બે માસે આપવામાં આવતા બીલો સમયસર ભરપાઈ કરે છે. અરજદારના કથન પ્રમાણે અરજદારને સામાવાળા તરફથી એક પત્ર મળેલ અને જેમાં ખેતીવાડી કનેકશનના મીટરનું લેબોરેટરી ટેસ્ટીંગ કરાતા તેમાં રહેલ પેન્ડીગ યુનીટ જે મીટર લગાડતી વખતે રહી ગયેલ ક્ષતિના કારણે રહી જવા પામેલ છે તેના રૂા ૨,૧૮,૨૩૮/– ભરપાઈ કરવાના રહેશે આ બાબતે સામાવાળા કંપની ગ્રાહક પાસેથી બે વર્ષથી ઉપરનું લેણું વસુલ કરી શકે નહીં તેથી છેલ્લા બે વર્ષનો હિસાબ કરી એક સામટા આપેલ બીલ ભરપાની ક્ષમતા ન હોઈ ન્યાય અપાવવા અરજી મારફતે દાદ માંગેલ છે.

૨. આ કામના સામાવાળા પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. કચેરી તરફેની રજુઆત એવી છે કે આ કામના અરજદાર ૨૦૦૪ થી ખેતીવાડી વિજ કનેકશન ૪૦ હોર્ષ પાવરનું ગ્રાહક નં.૮૮૮૧૨/૦૧૦૫૮/૦ ધરાવે છે અને તા.૨૦–૨–૨૦૨૧ ના રોજ મીટર રીડર દ્વારા સદર ગ્રા. નં. ૮૮૮૧૨/૦૧૦૫૮/૦ વાળા મીટરમાં KWHT3C ના ખોટા હોવાનું જણાવી સ્થળ પર ચેક કરવા રીપોર્ટ કરતા સદર મીટર સ્થળ પર ચેક કરી તા.૨૭–૪–૨૦૨૧ ના રોજ જુનું મીટર બદલાવી નવું મીટર લગાડવામાં આવેલ અને જુના મીટરના લેબોરેટરી ટેસ્ટીંગમાં હાજર રહેવા ગ્રાહકને તા.૪–૬–૨૦૨૧ ના પત્રથી જાણ કરેલ. ત્યારબાદ ચેકીંગ સીટ નં. ૫૫૬૦ તા.૨૭–૪–૨૦૨૧ મુજબ ગ્રાહકના જુના મીટરનું લેબોરેટરીમાં તા.૧૬–૧૦–૨૦૨૧ ના રોજ લેબ પરીક્ષણ કરવામાં આવેલ અને સદર મીટરના ડીસ્પ્લેમાં T3C ૧૭૭૬૭૩ KWH જોવા મળેલ જે T3C KWH પેરામીટર લોકની સ્થિતિમાંજ આવેતેવા મોડમાં જ હતું અને તેથી મીટરના ફાઈનલ રીડીગ ૫૪૦૨૮૨૮ KWH જોવા મળેલ અને તે રીતે મીટરના ત્રણ ઝોનમાં ( pick, night, rest, hrs ) રીડીગ નોધાય પરંતુ મીટરમાં T3C rest hrs. પર ડીસ્પ્લે લોક હોવાથી મીટરના ડીસ્પ્લે પર માત્ર T3C rest hrs. ના બે ઝોન ૧૭૭૬૭૩ KWH બતાવતા હતા પરંતુ ખરેખર બાકીના બે ઝોન ( pick, night, rest, hrs ) માં પણ રીડીગ નોંધાતા હતા પરંતુ ડીસ્પ્લે લોકના કારણે મીટરની ડીસ્પ્લે પર બતાવતા ન હતા જે MRI રીપોર્ટ મુજબ હતા.

| અનું. નં. | રીડીંગ ઝોન | નોંધાયેલ રીડીંગ | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | pick hrs. | 166349 kwh | ખરેખર મીટરમાં રીડીંગ નોંધાયા હતા પરંતુ ડીસ્પ્લેમાં બતાવતા ન હતા |
| ૨ | night hrs. | 196262 kwh | ખરેખર મીટરમાં રીડીંગ નોંધાયા હતા પરંતુ ડીસ્પ્લેમાં બતાવતા ન હતા |
| ૩ | rest hrs. | 177676 kwh | આ એકજ ઝોનના રીડીંગ ડીસ્પ્લેમાં બતાવતા હતા |
| ૪ | કુલ્લ નોંધાયેલ રીડીંગ | 540287 kwh | જે કુલ રીડીંગ મીટરના ડીસ્પ્લેમાં બતાવતા ન હતા |

૩. આમ ઉપરોક્ત હકીકતે છેલ્લા બીલ મુજબ 176558 kwh હતા અને લેબ પરીક્ષમાં આવેલ 540287 kwh મુજબ 363730 kwh નો તફાવત જોવા મળતા તે મુજબનું બીલ આપવામાં આવેલ હોઈ તફાવતના બીલની રકમ રૂા ૨,૧૮,૨૩૮/– ગ્રાહકને ભરપાઈ કરવા બીલ આપવામાં આવેલ હોઈ અરજદારને કોઈ દાદ મળવાપાત્ર નથી.

૪. આ કામે નીચેના મુદ્દાઓ નિર્ણય લેવા માટે ઉપસ્થિત થાય છે.

(૧) શું આ કામના સામાવાળાએ અરજદારને તફાવતની રકમનું બીલ આપી સેવામાં ખામી બતાવેલ છે ?

(૨) શું હુકમ કરવો ?

૫. ઉપરોક્ત મુદ્દાનો અમારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) છેવટના હુકમ મુજબ.

**—: કારણો :—**

**મુદ્દા નંબર ૧.**

૧. આ કામે અરજદાર તથા સામાવાળાની રજુઆતો જોતા અરજદારની રજુઆત મુજબ અરજદાર ૨૦૦૪ થી ખેતી વિષયક વિજ જોડાણ ધરાવતા હતા અને તેના બીલો સમયસર ભરપાઈ કરતા હોવા છતાં સામાવાળા તરફે રૂા ૨,૧૮,૨૩૮/– નું બીલ ખોટી રીતે આપેલ છે તેમજ કંપની બે વર્ષથી ઉપરના લેણાં વસુલ કરી શકે નહીં તેવી રજુઆતની સામે સામાવાળાએ પોતાના લેખીત જવાબમાં વિગતવાર રજુઆત કરી અરજદાર ૨૦૦૪ થી ખેતીવાડી વિજ કનેકશન ૪૦ હોર્ષ પાવરનું ગ્રાહક નં.૮૮૮૧૨/૦૧૦૫૮/૦ ધરાવે છે અને તા.૨૦–૨–૨૦૨૧ ના રોજ મીટર રીડર દ્વારા સદર ગ્રા. નં.

૮૮૮૧૨/૦૧૦૫૮/૦ વાળા મીટરમાં KWHT3C ના ખોટા હોવાનું જણાવી સ્થળ પર ચેક કરવા રીપોર્ટ કરતા સદર મીટર સ્થળ પર ચેક કરી તા.૨૭–૪–૨૦૨૧ ના રોજ જુનું મીટર બદલાવી નવું મીટર લગાડવામાં આવેલ અને જુના મીટરના લેબોરેટરી ટેસ્ટીંગમાં હાજર રહેવા ગ્રાહકને તા.૪–૬–૨૦૨૧ ના પત્રથી જાણ કરેલ. ત્યારબાદ ચેકીંગ સીટ નં. ૫૫૬૦ તા.૨૭–૪–૨૦૨૧ મુજબ ગ્રાહકના જુના મીટરનું લેબોરેટરીમાં તા.૧૬–૧૦–૨૦૨૧ ના રોજ લેબ પરીક્ષણ કરવામાં આવેલ અને સદર મીટરના ડીસ્પ્લેમાં T3C ૧૭૭૬૭૩ KWH જોવા મળેલ જે T3C KWH પેરામીટર લોકની સ્થિતિમાંજ આવેતેવા મોડમાં જ હતું અને તેથી મીટરના ફાઈનલ રીડીગ ૫૪૦૨૮૨૮ KWH જોવા મળેલ અને તે રીતેમીટરના ત્રણ ઝોનમાં ( pick, night, rest, hrs ) રીડીગ નોધાય પરંતુ મીટરમાં T3C rest hrs. પર ડીસ્પ્લે લોક હોવાથી મીટરના ડીસ્પ્લે પર માત્ર T3C rest hrs. ના બે ઝોન ૧૭૭૬૭૩ KWH બતાવતા હતા પરંતુ ખરેખર બાકીના બે ઝોન ( pick, night, rest, hrs ) માં પણ રીડીગ નોંધાતા હતા પરંતુ ડીસ્પ્લે લોકના કારણે મીટરની ડીસ્પ્લે પર બતાવતા ન હતા જે MRI રીપોર્ટ મુજબની ગણતરી કરી અરજદારને તફાવતનું બીલ રૂા ૨,૧૮,૨૩૮/– નું આપવામાં આવેલ હોઈ વિજ કંપનીની કોઈ સેવામાં ખામી નથી સામાવાળાની રજુઆત જોતા ખરેખર અરજદાર ગ્રાહકના મીટરના જે રીડીગ ડીસ્પ્લેમાં આવવા જોઈએ તે આવતા ન હોઈ મીટરના ડીસ્પ્લેમાં આવતા રીડીગ મુજબનું બીલ અરજદાર ગ્રાહકને આપવામાં આવતું હતું અને લેબોરેટરીના અભિપ્રાય મુજબ ખરેખર બતાવવા પાત્ર ડીસ્પ્લેમાં રીડીગ બતાવતા ન હોઈ લેબ પરીક્ષણમાં થયેલ રીપોર્ટ મુજબની ગણતરી કરી અરજદાર ગ્રાહકને બીલ આપવામાં આવેલ હોવાની હકીકત સ્પષ્ટ પણે પુરવાર થાય છે.

૨. આમ બન્ને પક્ષકારોની રજુઆતો જોતા અરજદારને જે વાદગ્રસ્ત બીલ આપવામાં આવેલ છે તે અરજદારના મીટરના ડીસ્પ્લેના કારણે તેના જે વપરાશ હતા તેનાથી ઓછા વપરાશ ડીસ્પ્લેમાં આવતા હોઈ લેબોરેટરી પરીક્ષણના અહેવાલ મુજબ તફાવતનું બીલ આપવામાં આવેલ હોઈ કહેવાતા બીલની રકમ ભરપાઈ કરવા અરજદાર જવાબદાર હોવાનું અમો માનીએ છીએ પરંતુ અરજદાર કંપનીના બીલો મુજબની રકમ સમયસર ભરપાઈ કરતા હોઈ અરજદારે અગાઉ કોઈ બીલ ભરપાઈ કરવામાં દેખીતી ભુલ કરેલ ન હોઈ અને અરજદારને એક સામટે આટલી મોટી રકમનું બીલ આવેલ હોઈ તેવા બીલની રકમ અરજદાર એકી સામટે ભરપાઈ કરી શકે તેમ ન હોવાની અરજદારની રજુઆતને ધ્યાનમાં રાખતા અરજદારને આપવામાં આવેલ બિલની રકમ રૂા ૨,૧૮,૨૩૮/– ના ચાર સરખા ભાગે અરજદારને ભરપાઈ કરવાનો હુકમ કરવાથી ન્યાયતો હેતું જળવાશે તેવું અમો માનીએ છીએ અને તે

રીતે મુદ્દા નંબર – ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી આ કામે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## –: હુકમ :–

અરજદારને એવી સુચના આપવામાં આવેલ છે કે આપવામાં આવેલ કુલ્લ બીલની રકમ રૂા ૨,૧૮,૨૩૮/– ના ચાર સરખા ભાગ કરતા દર બે માસે અરજદારને સદર ગ્રાહક નંબરના વિજ જોડાણ અન્વયે આપવામાં આવેલ બીલ સાથે સદર બીલ પેટેની રકમ રૂા ૫૪,૫૩૪/– અરજદારે સામાવાળાને ભરપાઈ કરી આપવી અને તેવી રકમ દર બે માસે સામાવાળા વિજ કંપનીએ ચાર બીલો સાથે અરજદાર પાસેથી વસુલ કરવી તેવો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજ તા. / /૨૦૨૨ ના રોજ જાહેર કર્યો

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર મેમ્બર

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

***ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ–કચ્છ.***

**નોંધ:**

(૧) અરજદાર આ હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ – ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજુઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિમયો – ૨૦૧૧ જાહેરનામાં નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તોજ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનામાં સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણી સાબિતી રજુ કરી હોય તોજ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ રાજકોટ ૩૬૦૦૦૧.